REGISTERED No. G.RJ-24

©

# The Gujarat Government Gazette

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE AND CENTRAL SECTION

PUBLISHED BY AUTHORITY

VOL. XXXVIII] FRIDAY, 20th JUNE, 1997 / JYAISTHA 30, 1919 [No. 18

Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation.

PART-[illegible] EXTRAORDINARY

## સુરત મહાનગરપાલિકા

મોજે અડાજણ વિસ્તારની નગર રચના યોજના સુરત નં.૩૨ (અડાજણ) તૈયાર કરવા બાબત.

: અધિસૂચના :

ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬ ની કલમ-૨૨ ની પેટા કલમ-(૧) અન્વયે સ્થાપિત સુરત શહેરી વિકાસ સત્તામંડળે તેના તા.૨૭-૬-૮૪ નાં ઠરાવ નં.૬૨૬(૧૦) થી સુરત મહાનગરપાલિકા વિસ્તારમાં નગર રચના યોજનાઓ બનાવવા માટે એપ્રોપ્રિએટ ઓથોરીટી તરીકે કરવી રહેતી કાર્યવાહી માટે સુરત મહાનગરપાલિકાને સત્તા આપેલ છે.

ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬ (પ્રેસીડેન્ટ એક્ટ નં.૨૭) ની કલમ-૪૧ ની જોગવાઈઓ મુજબ સુરત મહાનગરપાલિકાના નગર નિયોજન સમિતિના ઠરાવ નં.૩૦/૯૭ તા.૧૧-૬-૯૭ થી ઠરાવ્યા મુજબ નકશા ક્ર.ટીપીએસ/૩૨ માં સુચવેલી પેરા રેખાની અંદર આવતો અડાજણ વિસ્તાર માટે નગર રચના યોજના સુરત નં.૩૨ (અડાજણ) તૈયાર કરવાનો ઇરાદો જાહેર કર્યો છે. આ નકશાની એક નકલ જાહેર જનતાને જોવા માટે સુરત મહાનગરપાલિકા

મ્યુ. ટાઉન પ્લાનરની કચેરી, મુગલીસરા, ચોકબજાર, સુરતમાં રજાના દિવસો સિવાયના દિવસે ઓફિસ સમયમાં ખુલ્લો રાખવામાં આવેલ છે.

કમિશનર
સુરત મહાનગરપાલિકા

સુરત.
તા.૧૯-૬-૯૭.

<u>ઠ રા વ</u> :

સુરત મહાનગરપાલિકાની નગર નિયોજન સમિતિની તા.૧૧-૬-૯૭ નાં રોજ મળેલ સભામાં નીચે મુજબનો ઠરાવ પસાર થયો હતો.

ડાયરેક્ટર ઓફ પ્લાનિંગશ્રીના તા.૮-૫-૯૭ ના પત્ર નં.ટીપીવીસ/૮/૬ થી વિદિત થઈ, તેમાં જણાવ્યા મુજબ, સુરત મહાનગરપાલિકાની હદમાં અડાજણ વિસ્તારમાં મુસદ્દારૂપ નગર રચના યોજના સુરત નં.૩૨ (અડાજણ) ને દરખાસ્ત સાથે સામેલ નકશામાં સુધારેલી ગેરૂ રંગની સરહદ રેખાઈ બતાવેલ વિસ્તારમાં નગર રચના યોજના સુરત નં.૩૨ (અડાજણ) ને તૈયાર કરવા ની ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬ ની કલમ-૪૧(૨) મુજબ ઇરાદો જાહેર કરવાનું તેમજ સરકારશ્રીના રાજપત્રમાં પ્રસિદ્ધ કરવાનું તેમજ મુસદ્દો તૈયાર કરી સરકારશ્રીમાં સાદર કરવાની તમામ કાર્યવાહી કરવા માટે મ્યુ.કમિશનરશ્રીને અધિકૃત કરવાનું ઠરાવવામાં આવે છે.

<u>ઠરાવ નં.૩૦/૯૭ સર્વાનુમતે મંજુર</u>

---

<u>સુરત મહાનગરપાલિકા</u>

<u>મોજે મગોબ-ડુંભાલ વિસ્તારની નગર રચના યોજના સુરત નં.૩૪ (મગોબ-ડુંભાલ) તૈયાર કરવા બાબત.</u>

: <u>અધિસૂચના</u> :

ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ,૧૯૭૬ ની કલમ-૨૨ ની પેટા કલમ-(૧) અન્વયે સ્થાપિત સુરત શહેરી વિકાસ સત્તામંડળે તેના તા.૨૭-૧-૮૪ નાં ઠરાવ નં.૬૨૬(૭૦) થી સુરત મહાનગરપાલિકા વિસ્તારમાં નગર રચના યોજનાઓ બનાવવા માટે એપ્રોપ્રિએટ ઓથોરીટીએ કરવી રહેતી કાર્યવાહી માટે સુરત મહાનગરપાલિકાને સત્તા આપેલ છે.

ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬ (પ્રેસીડન્ટ એક્ટ નં.૨૭) ની કલમ-૪૧ ની જોગવાઈઓ મુજબ સુરત મહાનગરપાલિકાની નગર નિયોજન સમિતિના ઠરાવ નં.૩૫/૯૭ તા.૧૧-૬-૯૭ થી ઠરાવ્યા મુજબ નકશા -